સ્થાપના ૧૮૪૨

# શ્રી ઘોઘારી લોહાણા મહાજન, મુંબઈ

લોહાણા ભુવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮.
ફોન : ૦૨૨-૨૬૨૮૩૭૧૫ • મોબાઈલ : ૯૯૮૭૨૪૦૪૦૪ • Website : www.sglm.in

તારીખ : ૧૫.૧૦.૨૦૧૯

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ઘોઘારી લોહાણા મહાજન મુંબઈ દ્વારા નૂતન વર્ષની શુભેચ્છાઓની પરસ્પર આપ-લે કરવા તથા **તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોનું સરસ્વતી સન્માન, જ્ઞાતિના વરીષ્ઠ સભ્યોનું જાહેર સન્માન અને જ્ઞાતિના દિવંગત મહાનુભાવોનું મરણોત્તર સન્માન અને જ્ઞાતિ સેવામાં સમર્પિત સભ્યોનું જ્ઞાતિરત્ન સન્માન તથા યુવા વ્યાપારી પ્રતિભા એવાર્ડ** તેમજ સ્વરૂચી ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આપ સૌને સહપરિવાર આ સ્નેહમિલનમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

## સ્નેહમિલન, જ્ઞાતિરત્ન સન્માન, સરસ્વતી સન્માન તથા સ્વરૂચી ભોજન

**સ્વ. ડૉ. સૂર્યાબેન જયંતીલાલ રૂપારેલીયાને**
**"મરણોત્તર જ્ઞાતિરત્ન એવોર્ડ"**

**મુરબ્બી શ્રી બંસીભાઈ ઈશ્વરલાલ વાઘાણી,**
**ડૉ. રામજીભાઈ ગોરધનદાસ જીમુલીયા તથા**
**શ્રી યોગેશભાઈ પ્રભુદાસ ચંદારાણાનું**
**"લોહાણા જ્ઞાતિરત્ન સન્માન"**

**શ્રી જીત જયસુખભાઈ મશરૂને**
**"લોહાણા યુવા વ્યાપારી પ્રતિભા એવોર્ડ"**

**રવિવાર, તારીખ ૧૦.૧૧.૨૦૧૯ - સમય : સાંજના ૫.૦૦ થી ૮.૦૦**

**સ્થળ : શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન ગ્રાઉન્ડ**

૧૧૮/૧૧૯, એસ. વી. રોડ, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, અંધેરી (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૫૮. ફોન : ૦૨૨ - ૨૬૨૦ ૬૬૨૨

- આ સ્નેહમિલન સમારોહમાં આ વર્ષે S.S.C. તથા અન્ય વર્ગોમાં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર તથા સાંસ્કૃતિક અને રમતગમતના ક્ષેત્રમાં, અનન્ય / વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવશે.
- શ્રી ઘોઘારી લોહાણા મહાજન દ્વારા આપણી જ્ઞાતિના જીવતા જાગતા ઈતિહાસમાં અને આપણા પરિવારોના વડલા સમાન **૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વરિષ્ઠ સભ્યો,** જેમનું અગાઉ સન્માન ન થયું હોય તેવા સભ્યોનું સન્માન કરવામાં આવશે. જે પરિવારમાં માતા-પિતા કે કોઈ વડીલે તારીખ ૩૦.૧૦.૨૦૧૯ કે તે

P.T.O.

પહેલા ૬૦ વર્ષ પૂરા કર્યા હોય તે પરિવારના કર્તાએ પોતાના વડીલનું નામ મહાજનશ્રીના કાર્યાલયમાં રવિવાર, તારીખ ૩૦.૧૦.૨૦૧૯ પહેલા લખાવી દેવા વિનંતી. ઉપરોક્ત તારીખ બાદ મળેલા નામોના વડીલોનું આ વર્ષે સન્માન શક્ય બનશે નહીં તેની નોંધ લેવા વિનંતી.

- યોગ્ય આયોજન થઈ શકે એ માટે આપના પરિવારની કેટલી વ્યક્તિ સ્નેહમિલનમાં સહભાગી થઈ શકશે તેની જાણ મહાજનશ્રીના કાર્યાલયમાં રવિવાર, તારીખ ૩૦.૧૦.૨૦૧૯ સુધીમાં (ફોન - ૨૬૨૮ ૩૭૧૫/ ૯૯૮૭ ૨૪૦૪૦૪) સમય સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી જણાવવા વિનંતી.

આ વર્ષે (માર્ચ - એપ્રિલ - મે ૨૦૧૯) માં આપના પરિવારમાં કોઈ વિદ્યાર્થી S.S.C., I.C.S.E., H.S.C. ગ્રેજ્યુએટ (ફાઈનલ), પોસ્ટ ગ્રેજ્યુએટ કે પ્રોફેશનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હોય તેમજ સાંસ્કૃતિક અને રમતગમતના ક્ષેત્રમાં કોઈ અનન્ય સિદ્ધિ હાંસલ કરી હોય અને તેથી આપના પરિવારમાં આનંદનો અવસર આવ્યો હોય તો એ આનંદમાં આપણું સમસ્ત મહાજન પણ સહભાગી છે.

એ આનંદને જાહેરમાં ઉજવવા માટે આપણા મહાજને આ વર્ષે સ્નેહમિલન સમારોહમાં આપણા ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાંથી ઉચ્ચત્તમ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓનું અભિવાદન કરવાનું નક્કી કર્યું છે.

**અભિવાદનમાં વિદ્યાર્થીને મહાજનશ્રી દ્વારા ગૌરવ પ્રમાણપત્ર (Certificate of Appreciation) ઉપરાંત શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી ચેક દ્વારા પ્રથમ પારિતોષક રૂા. ૧૧,૦૦૦/-, દ્વિતીય પારિતોષક રૂા. ૭,૫૦૦/- તથા તૃતીય પારિતોષક રૂા. ૫,૦૦૦/- આપવામાં આવશે. તથા મહાજનશ્રીના ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણી તરફથી ભેટ આપવામાં આવશે અને શ્રી નિખીલભાઈ આયા (ઓશાકા ફર્નિશીંગ પ્રા.લી.) તરફથી ગીફ્ટ વાઉચર પણ આપવામાં આવશે.**

અમારા આ પ્રયત્નમાં આપે પણ સહયોગ આપવાનો છે. જો આપના સંતાનો ઉપરોક્ત પરીક્ષાઓમાં ફક્ત (૭૦ ટકા કે તેથી વધુ) માર્કસ સાથે ઉત્તીર્ણ થયા હોય તો તેની (માર્ચ-એપ્રિલ-મે ૨૦૧૯) પરીક્ષાની માર્કશીટ મહાજનશ્રીના કાર્યાલયમાં તારીખ ૩૦.૧૦.૨૦૧૯ સુધીમાં પહોંચતી કરવા વિનંતી.

- સાંસ્કૃતિક કે રમત - ગમતના ક્ષેત્રમાં કોઈ સિદ્ધિ હાંસલ કરી હોય તો તે યુવકો તથા યુવતીઓને પણ ગૌરવ પ્રમાણ પત્ર (Certificate of Appreciation) તેમજ ઉપર દર્શાવેલ પારિતોષક આપવામાં આવશે. તે અંગેના પ્રમાણપત્રની બે ઝેરોક્સ કોપી સાથે આપવા વિનંતી.

  કયા ગ્રુપ માટેના સર્ટિફીકેટ છે તે લખી જણાવવું.

  ફક્ત ઈન્ટર સ્કુલ / ઈન્ટર કોલેજ અથવા નેશનલ લેવલ સર્ટિફીકેટને પ્રાધાન્ય આપવામાં આવશે.

નોંધ :

- માર્કશીટની બે ઝેરોક્ષની સાથે આપનું સંપૂર્ણ નામ - એડ્રેસ - ફોન નંબર તથા મહાજનશ્રીનો સભ્ય નંબર લેખિત આપવા વિનંતી. બે માંથી એક ઝેરોક્ષ પહોંચ રૂપે સિક્કો મારીને પરત આપવામાં આવશે.
- વિદ્યાર્થી / વિદ્યાર્થીનીએ અભિવાદનના દિવસે પોતે હાજર રહેવું જરૂરી છે. હાજર ન રહેનાર વિદ્યાર્થી / વિદ્યાર્થીનીની બદલીમાં તેના વાલી અથવા કુટુંબનો કોઈ પણ સભ્ય અભિવાદનને પાત્ર રહેશે નહીં.
- નક્કી કરેલ તારીખ બાદ આવેલ માર્કશીટની તથા પ્રમાણપત્રની ઝેરોક્ષ રેકોર્ડ પર લેવામાં આવશે નહીં.
- પારિતોષિકની બાબતમાં પ્રમુખશ્રીનો નિર્ણય આખરી રહેશે.


| | | |
|---|---|---|
| **શ્રી સતિષભાઈ વિઠલાણી** | **શ્રી કુણાલભાઈ વજાણી** | **શ્રી જતીનભાઈ પોપટ** |
| **પ્રમુખ શ્રી / ટ્રસ્ટી** | **ચેરમેન / ટ્રસ્ટી** | **શ્રી પ્રકાશભાઈ મગદાણી** |
| **શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા** | **શ્રી અજીતભાઈ ઠક્કર** | **શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા** |
| **ઉપપ્રમુખ** | **મેનેજીંગ ટ્રસ્ટી** | **માનદ્ મંત્રીઓ** |